પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૦ | ૧ એપ્રિલ, ૨૦૨૧, ગુરૂવાર; ફાગણ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં ચિંતાનજક સ્થિતિએ કોરોના

**છેલ્લા ૨૪ કલાકમાં ૫૩,૪૮૦ નવા કેસ નોંધાયા, મૃત્યુદર ૧.૩ ટકા થયો : દેશમાં ૧૦૩ દિવસ બાદ સૌથી વધુ ૩૩૪ લોકોએ કોરોનાથી જીવ ગુમાવ્યો : કોરોના એક્ટિવ કેસનો આંકડો ૫,૫૨,૫૬૬ને પાર, રિકવરી રેટ ૯૪.૧ ટકા : મહારાષ્ટ્ર, પંજાબ, કર્ણાટક, છત્તીસગઢ અને ગુજરાતમાં કેસોમાં દિન-પ્રતિદિન વધ્યો**



ન્યુ દિલ્હી,તા.૩૧

એક વર્ષ બાદ પણ કોરોનાનો પ્રકોપ એટલો જ જોવા મળી રહ્યો છે. કેન્દ્ર સરકારે પણ આખરે કહેવું પડ્યું કે દેશમાં વાયરસના સંક્રમણ સંબંધિત સ્થિતિ 'બદથી બદતર' થઈ રહી છે. આ દરમિયાન એમ પણ કહ્યું કે ખાસ કરીને કેટલાક રાજ્યોમાં નવા કેસ ખુબ ઝડપથી વધવા એક મોટી ચિંતાનો વિષય છે. નીતિ આયોગના સભ્ય (હેલ્થ) વી કે પોલે કહ્યું કે છેલ્લા કેટલાક અઠવાડિયામાં સ્થિતિ ખુબ ઝડપથી કથળી રહી છે જેનાથી આખો દેશ જોખમમાં છે. આથી કોઈ પણ જરાય બેદરકારી વર્તવી જોઈએ નહીં.

ભારતમાં કોરોના વાયરસના નવા ૫૩,૪૮૦ નવા કેસ નોંધાયા છે, જેની સાથે કુલ કેસનો આંકડો ૧,૨૧,૪૯,૩૩૫ પર પહોંચી ગયો છે, જ્યારે ૩૫૪ લોકોએ એક જ દિવસમાં કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે. આ સાથે કુલ મૃત્યુઆંક ૧,૬૨,૪૬૮ થઈ ગયો છે. આ અંગે બુધવારે સ્વસ્થ્ય મંત્રાલય દ્વારા માહિતી આપવામાં આવી છે. ભારતમાં વધતા કોરોના કેસને કાબૂમાં લાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારોને પણ જરુરી પગલા ભરવા માટેની સૂચના આપવામાં આવી છે. આ સાથે મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાં

● અનુસંધાન પાન-૭ પર

## કોરોનાનો કોઈ ભારતીય વેરિયન્ટ નથી : ICMR

**દેશભરમાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે**

નવી દિલ્હી, તા. ૩૧

દેશમાં કોરોના વાયરસની બીજી લહેરના પગલે ઘણા રાજ્યોમાં નવા કેસોની સંખ્યા ઝડપથી વધી રહી છે. આ દરમિયાન ઈન્ડિયન

**કોવેક્સિન-કોવિશીલ્ડ વેક્સિને યુકે, બ્રાઝિલના વેરિયન્ટ સામે અસર બતાવી, આફ્રીકી વેરિયન્ટની વેક્સિન પર કામ ચાલુ**

કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે જણાવ્યું છે કે, કોરોના વાયરસનો એક પણ ભારતીય વેરિયન્ટ કેસ સામે આવ્યો નથી. દેશમાં અત્યાર સુધી કોરોના વાયરસનું એક પણ એવું વેરિયન્ટ નથી મળ્યું, જેમાં ભારતીય સંસ્કરણ મળ્યું હોય.

આઈસીએમઆરના મહાસચિવ બલરામ ભાર્ગવે આ અંગે માહિતી આપતાં કહ્યું કે, કોરોના વાયરસનું કોઈ ભારતીય વેરિયન્ટ નથી. કોવેક્સિન અને કોવિશીલ્ડ વેક્સીને યુકે અને બ્રાઝિલના વેરિયન્ટ વિરુદ્ધ અસર બતાવી છે. જ્યારે દક્ષિણ આફ્રીકી વેરિયન્ટની વેક્સિન પર અત્યારે પણ કામ ચાલી રહ્યું છે.




ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગે બુધવારે માહિતી આપી હતી કે, ભારતમાં કોરોના વાયરસના એક નવા ડબલ મ્યુટેન્ટ વેરિયન્ટ અંગે જાણવા મળ્યું છે. ઘણા વેરિયન્ટ્સ ઓફ કન્સર્ન્સ દેશના ૧૮ રાજ્યોમાં મળ્યા છે. આનો અર્થ છે કે, કોરોના વાયરસના વિવિધ પ્રકાર અંગે જુદી-જુદી જગ્યાએ જાણવા મળ્યું છે, જે સ્વાસ્થ્ય માટે નુકસાનકારક છે. આ નવી ચેતવણી એવા સમયે આવી છે જ્યારે ભારતમાં સંક્રમણ ઝડપથી વધી રહ્યું છે.

## ૪૫થી વધુની વયનાને બે સપ્તાહમાં રસીનો નિર્દેશ



નવી દિલ્હી, તા. ૩૧

દેશમાં વધી રહેલા કોરોના સંક્રમણને કંટ્રોલમાં લાવવા માટે કેન્દ્રના નિર્દેશ પ્રમાણે આગામી બે સપ્તાહની અંદર ૪૫ વર્ષ અને તેના કરતા વધારે ઉંમરના લોકોને વેક્સિનનો ડોઝ આપવા નિર્દેશ આપ્યો છે. આ સાથે જ વેક્સિનેશન

**કોરોના પર નિયંત્રણ માટે નવી સ્ટ્રેટેજી અપનાવાશે : કેન્દ્રએ રાજ્ય સરકારોને વેક્સિનેશન અભિયાનમાં તેજી લાવવા, યોગ્ય બધા લોકોને વેક્સિન આપવા સુચના આપી**

નવી સ્ટ્રેટેજી અપનાવવામાં આવી છે. કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને આગામી બે સપ્તાહની અંદર સૌથી પ્રભાવિત જિલ્લાઓમાં ૪૫ વર્ષ ઉંમરના તમામ લોકોને પ્રાથમિકતાના આધારે વેક્સિન આપવામાં આવશે. અભિયાનમાં તેજી લાવવા અને વેક્સિનેશન માટે યોગ્ય તમામ લોકોને વેક્સિન આપવા નિર્દેશ આપવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## સેનામાં પ્રથમવાર ૧૦૧ મહિલા સૈનિકોની ટૂકડી સામેલ કરાશે

**ભારતીય સેનામાં આ વર્ષે નવો ઈતિહાસ સર્જાશે : સેનામાં મહિલાઓને સિપાહી અને હવાલદારની પોસ્ટ ઉપર તૈનાત કરવાનો નિર્ણય વર્ષ ૨૦૧૭માં લેવાયો હતો**

નવી દિલ્હી, તા. ૩૧

ભારતીય સેનામાં આ વર્ષે એક નવો ઈતિહાસ સર્જાવા જઈ રહ્યો છે.આ વર્ષે ભારતીય મહિલા સૈનિકોની પહેલી ટુકડી ભારતીય સેનામાં સામેલ થશે.

સેનામાં મહિલાઓને જવાન એટલે કે સિપાહી અને હવાલદારની પોસ્ટ પર તૈનાત કરવાનો નિર્ણય ૨૦૧૭માં લેવાયો હતો.એ પછી ડિસેમ્બર ૨૦૧૯માં ૧૦૧ મહિલાઓને તાલીમ માટે પસંદ કરવામાં આવી હતી.હાલમાં બેંગ્લોર ખાતે કોર ઓફ મિલિટ્રી પોલિસીમાં તેમની ટ્રેનિંગ ચાલી રહી છે.આ ટ્રેનિંગની શરુઆત જાન્યુઆરીમાં થઈ હતી.કુલ ૬૧ વીકની ટ્રેનિંગ મહિલાઓએ લેવી પડશે.

હાલમાં ભારતીય સેનામાં મહિલાઓની અધિકારીઓની પોસ્ટ પર નિમણૂંક થાય છે.જેની શરુઆત ૧૯૯૨માં થઈ હતી.તે વખતે મહિલાઓ સેનાની ગણતરીની બ્રાન્ચમાં જ કામ કરી શકતી હતી અને શોર્ટ સર્વિસ કમિશન થકી જ તેમને સેનામાં એન્ટ્રી મળતી હોવાથી તે માત્ર લેફટેનન્ટ કર્નલના પદ સુધી જ પ્રમોટ થઈ શકતી હતી.હવે ઓફિસર સિવાયની પોસ્ટ માટે મહિલાઓને પહેલી વખત સેનામાં સામેલ કરવામાં આવી છે. ભારતીય સેના ૨૦૩૦ સુધીમાં ૧૭૦૦ મહિલા સૈનિકોને સેનામાં મિલિટરી પોલીસ તરીકે સામેલ કરવા માંગે છે.બીજી તરફ ૨૦૧૯માં સેનાએ મહિલા અધિકારીઓને પરમેનન્ટ કમિશન આપવાનુ પણ એલાન કર્યુ હતુ.આ નિર્ણયના કારણે હવે મહિલા અધિકારીઓ કર્નલ, બ્રિગેડિયર કે જનરલ રેક્ના હોદ્દા સુધી પહોંચવા માટે પણ લાયક બનશે.

## મુંબઈમાં કોઈપણ લક્ષણ વિનાના ૭૪ હજાર કેસ

મુંબઈ, તા. ૩૧

દેશની અંદર કોરોના વાયરસની બીજી લહેરનું એપીસેન્ટર મહારાષ્ટ્ર બની રહ્યું છે. છેલ્લા ઘણા દિવસોથી મહારાષ્ટ્રની અંદર ૩૦ હજાર કરતા વધારે કેસ સામે આવી રહ્યા છે. આ બધા વચ્ચે બીએમસીના કમિશ્નર ઈકબાલ સિંહ ચહલે નિવેદન આપ્યું છે કે મુંબઈમાં કોરોના વાયરસની બીજી લહેર શરુ થઈ ગઈ છે. મુંબઈમાં માત્ર ૪૯ દિવસમાં ૯૧ હજાર કેસ આવ્યા છે.

બીએમસી કમિશ્નરના જણાવ્યા પ્રમાણે મુંબઈમાં અત્યારે કોરોના વાયરસના ૭૪ હજાર કરતા વધારે કેસ એવા છે કે જેમને કોઈ લક્ષણો નથી. એટલે કે હવે ચિંતામાં વધારો થઈ રહ્યો છે કારણ કે કોરોના હવે સાઈલેન્ટ કિલર તરીકે ઉભરી રહ્યો છે. જે હવે કોઈ પણ લક્ષણો વગર જ લોકોને ઝપેટમાં લઈ રહ્યો છે.

**મહારાષ્ટ્ર કોરોનાની બીજી લહેરનું એપિ સેન્ટર : કોરોના સાઇલેન્ટ કિલર તરીકે ઉભરી રહ્યો છે, જે હવે કોઇ પણ લક્ષણો વગર જ લોકોને ઝપેટમાં લઇ રહ્યો છે**

જો મુંબઈની વાત કરીએ તો મુંબઈમાં ૧૭ હજાર લોકોની અંદર કોરોના વાયરસના લક્ષણો દેખાય છે અને અડધા કરતા વધારે લોકોમાં કોરોનાના એક પણ લક્ષણ દેખાયા નથી. આ તમામ લોકો એવા છે કે જેમની અંદર વાયરસનો એકપણ લક્ષણ ના હોવા છતા તેઓ કોરોના પોઝિટિવ છે. આવા લોકો વિશ બીએમસી કમિશ્નરે કહ્યું કે તે તમામ લોકોને સ્ટેમ્પ લગાવવામાં આવશે. જો આવા સ્ટેમ્પવાળા લોકો જાહેર સ્થાનો પર જોવા મળશે તો તેમના પર કાયદાકિય કાર્યવાહી કરવામાં આવશે. આવા લોકોની ધરપકડ પણ કરવામાં આવશે. બીએમસી કમિશ્નરના જણાવ્યા પ્રમાણે મુંબઈની અંદર ૯૯૦૦ હોસ્પિટલ બેડ્સ ભરાઈ ગયા છે. જ્યારે ૪૦૦૦ બેડ્સની સુવિધા ઓનલાઈન કરવામાં આવી છે. સરકાર લોકડાઉન નથી ઈચ્છતી, જો લોકો કોરોના ગાઈડલાઈનનું પાલન કરશે તો કોરોના કાબૂમાં આવી શકે છે.

## દેશમાં લોકશાહી બચાવવા માટે ભાજપ સામે એકજૂથ થવાનો સમય : મમતા

**મમતા બેનર્જીએ પાંચ મુખ્યમંત્રીઓ સહિત ૧૫ નેતાઓને પત્ર લખ્યો**

કોલકાત્તા,તા.૩૧

બંગાળમાં બીજા તબક્કાના મતદાનથી એક દિવસ પહેલા તૃણમૂલ કોંગ્રેસની ચીફ મમતા બેનર્જીએ આજે બુધવારના વિપક્ષી દળોના નેતાઓને ચિઠ્ઠી લખી છે. આ ચિઠ્ઠી દ્વારા મમતાએ લોકશાહી બચાવવા માટે વિપક્ષી દળોને એક થવાની અપીલ કરી છે. નંદીગ્રામમાં ચૂંટણી પ્રચાર મગંળવાર સાંજે ખત્મ થયા બાદ ટીએમસી નેતા મમતા બેનર્જીએ આજે બીજેપી સિવાયના નેતાઓને વ્યક્તિગત રીતે પત્ર લખ્યો છે.

મમતા બેનર્જીએ ચિઠ્ઠીમાં લોકશાહીને બચાવવા માટે તમામ વિરોધી દળોને બીજેપીની વિરુદ્ધ એક થવાની વાત કહી છે. મમતા તરફથી વિપક્ષના ૧૫ નેતાઓને આ પત્ર લખવામાં આવ્યો છે. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પોતાના પત્રમાં લખ્યું છે કે, 'મારું માનવું છે કે લોકશાહી અને સંવિધાન પર બીજેપીના હુમલાની વિરુદ્ધ એક થવાનો અને પ્રભાવશાળી સંઘર્ષ કરવાનો સમય આવી ગયો છે.' મમતાએ જે નેતાઓને પત્ર લખ્યો છે તેમાં કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી અને અરવિંદ કેજરીવાલ જેવા નેતાઓના નામ મુખ્ય છે. દેશના ૫ મુખ્યમંત્રીઓ સહિત અનેક નેતાઓને પત્ર લખવામાં આવ્યો છે.

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી ઉપરાંત મમતા બેનર્જીએ એનસીપી નેતા શરદ પવાર,

● અનુસંધાન પાન-૭ પર

## એનસીપી પ્રમુખ શરદ પવારની તબિયત બગડતા સર્જરી કરાઈ

**ડોક્ટરોએ ગોલબ્લેડરમાં રહેલી પથરીને બહાર કાઢી**

મુંબઈ, તા.૩૧

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ શરદ પવારનું મંગળવારે મોડી રાતે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં ઓપરેશન કરવામાં આવ્યું અને ડોકટરોએ ગોલબ્લેડરમાં રહેલી પથરીને સફળતાપૂર્વક બહાર કાઢી. આ વાતની જાણકારી મહારાષ્ટ્રના સ્વાસથ્યમંત્રી રાજેશ ટોપે અને ઓપરેશન કરનારા ડોક્ટરે આપી.

ઓપરેશન પૂરું થયા બાદ સ્વાસ્થ્ય મંત્રી રાજેશ ટોપે અને ડોક્ટરે મીડિયા સાથે વાત કરી અને કહ્યું કે એનસીપી પ્રમુખ શરદ પવારનું ઓપરેશન સફળતાપૂર્વક કરવામાં આવ્યું. હજુ તેઓ થોડા દિવસ ડોક્ટરોની નિગરાણીમાં રહેશે. હાલ તેમની હાલાત સ્થિર છે. આ સાથે જ ડોક્ટરોએ જણાવ્યું કે ભવિષ્યમાં જો એવું લાગશે કે તેમને આ ઓપરેશનથી આરામ નથી મળ્યો તો આગળ તેમની કન્ડિશન જોતા ગોલબ્લેડરનું પણ ઓપરેશન થઈ શકે છે.

## સચીન વાઝેની NIAને સાતમી કાર નવી મુંબઈથી મળી આવી

**તપાસ એજન્સીઓ પણ ચોંકી ગઈ છે : અત્યારસુધીમાં જપ્ત કરવામાં આવેલી ૭ કાર્સ પૈકીની પ્રથમ કાર એવી છે, જે સચિન વાઝેના નામે રજિસ્ટર્ડ છે**

મુંબઈ, તા.૩૧

એન્ટિલિયાકેસમાં તપાસ કરી રહેલી NIAએ નવી મુંબઈના કમોઠે ક્ષેત્રમાંથી એક નવી કાર જપ્ત કરી છે. આ કારનો ઉપયોગ



સચિન વાઝેના સહકર્મી API પ્રકાશ ઓવલ કરી રહ્યા હતા. NIAને શક છે કે આ કારમાં મનસુખ હિરેનની હત્યા કરવામાં આવી હતી. અત્યારસુધીમાં જપ્ત કરવામાં આવેલી ૭ કાર્સ પૈકીની પ્રથમ કાર એવી છે, જે સચિન વાઝેના નામે રજિસ્ટર્ડ છે. આ મિત્સુબિશી કંપનીની આઉટલેન્ડર કાર છે. એને ૨૦૧૧માં રજિસ્ટર્ડ કરાવવામાં આવી હતી.

આ પહેલાં રવિવારે ટીમે મુંબઈની મીઠી નદીમાંથી એક કમ્પ્યુટરની હાર્ડડિસ્ક, DVR, CD, એક ગાડીની બે નંબર પ્લેટ અને અન્ય ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણોને જપ્ત કર્યા. હવે આ નંબર પ્લેટને લઈને નવો ઘટસ્ફોટ થયો છે. NIAને જાણવા મળ્યું છે કે આ નંબર પ્લેટ રાજ્યના સમાજ કલ્યાણ વિભાગમાં ક્લર્ક તરીકે કાર્યરત જાલનાના રહેનારા વિનય નાડેની ચોરી થયેલી મારુતિ ઈકો કારની છે. આ કારની ચોરી ઔરંગાબાદમાંથી થઈ હતી અને એ ખોવાઈ હોવાનો રિપોર્ટ ૨૦ નવેમ્બર ૨૦૨૦ના રોજ ઔરંગાબાદના સિટી ચોક પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે. NIAને હવે એ વાત જાણવા મળી છે કે શું આ કારથી સચિન વાઝે બીજી કોઈ અન્ય ષડયંત્ર રચવાના હતા કે પછી તે એનો ઉપયોગ આ મામલાને ભટકાવવા કે ફરાર થવામાં કરતો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હીમાં સફદરજંગ હોસ્પિટલમાં આગ, ICUના ૬૦ દર્દીને બચાવાયા



ન્યુ દિલ્હી,તા.૩૧

દિલ્હીમાં સફદરજંગ હોસ્પિટલમાં બુધવારે વહેલી સવારના પહોરમાં જમાં આગ ફાટી નીકળી. આગ હોસ્પિટલના પ્રથમ માળના મેડિસિન વિભાગમાં સવારે ૬.૩૫ લાગી હતી. તે ધીમે-ધીમે ૐ બ્લોક વોર્ડ ૧૧ સુધી પહોંચી ગઈ હતી. જો કે આગ વધુ પ્રસરે તે પહેલાં આઈસીયુના ૬૦ દર્દીને બીજી જગ્યાએ શિફ્ટ કરાયા હતા. સદનસીબે આગ પર કાબુ મેળવી લેવાયો છે અને કોઈ જાનહાનિ થઈ નહીં હોવાનું જાણવા મળ્યું છે.

## ૨૦૨૧-૨૨માં ભારતનો જીડીપી ૭.૫-૧૨.૫% રહેવાનું અનુમાન

**વિશ્વ બેન્કના એક મોટા અધિકારી દ્વારા કોરોનાની સ્થિતિને જોતા જીડીપીનો કોઈ ચોક્કસ આંકડો આપવાનો ઈનકાર**

વોશિંગ્ટન, તા. ૩૧

ભારત સહિત દુનિયાભરના દેશોમાં કોરોનાની નવી લહેર વચ્ચે વિશ્વ બેંક્રે ૨૦૨૧-૨૨ના નાણાકીય વર્ષમાં ભારતની જીડીપી ૭.૫ ટકાથી ૧૨.૫ ટકા વચ્ચે રહી શકે છે તેવી આગાહી કરી છે.

વિશ્વ બેંક્રના એક મોટા અધિકારીએ આ અનુમાન કર્યુ હતુ.જોકે તેમણે જીડીપીનો કોઈ એક ચોક્કસ આંકડો આપવાનો ઈનકાર કર્યો હતો.તેમનુ કહેવુ હતુ કે, ૭.૫ ટકાથી ૧૨.૫ ટકાની રેન્જ એટલા માટે રાખવામાં આવી છે કે, કોરોના સંક્રમણની રફતાર વધશે કે ધીમી પડશે તો આ આંકડામાં ફેરફાર થઈ શકે છે.એટલે આ રેન્જ રાખવામાં આવી છે. જોકે પત્રકારોએ ભારત અંગે આગાહી કરવા માટે આગ્રહ રાખતા આ અધિકારીએ કહ્યુ હતુ કે, શક્ય છે કે ભારતનો વિકાસ દર ૧૦ ટકા કરતા થોડો વધારે રહે.

દરમિયાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડે ૨૦૨૧-૨૨ના વર્ષમાં ભારતના આર્થિક વિકાસનો દર ૧૧.૫ ટકા રહેશે તેવુ અનુમાન લગાવ્યુ છે.જોકે હવે વર્લ્ડ બેંક્રે જે આંકડા આપ્યા છે તે આઈએમએફ કરતા થોડા અલગ છે.

ભારતમાં સંખ્યાબંધ મોટા રાજ્યોમાં કોરોના સંક્રમણ તેજીથી ફેલાઈ રહ્યુ હોવાથી આર્થિક ગતિવિધિઓ પર પણ તેની અસર પડી રહી છે.